# વધુને વધુ પહોળી થતી આર્થિક અસમાનતાની ખાઇ

દર વર્ષની જેમ આ વર્ષે પણ સ્વીત્ઝર્લેન્ડના દાવોસમાં વર્લ્ડ ઇકોનોમિક ફોરમની બેઠક મળી છે અને તે બેઠક પહેલા ઓક્સફામ સંસ્થાનો વૈશ્વિક આર્થિક અસમાનતા અંગેનો અહેવાલ પ્રકાશિત થયો છે. છેલ્લા કેટલાક વર્ષોથી દુનિયામાં વધતી આર્થિક અસમાનતા પર વિશ્વભરના ગરીબો, વંચિતોની ખેવના રાખતી આ સંસ્થા અહેવાલ પ્રગટ કરતી આવી છે તેના આ વખતના અહેવાલમાં પણ તેના પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. આ વખતે નવી વાત એ છે કે દુનિયામાં પ્રથમ વખત અબજપતિઓની સંખ્યા ૩૦૦૦ને પાર ગઇ છે. આ અબજપતિઓ એ છે કે જેમની મિલકતો એક અબજ ડોલર કરતા વધુ હોય. રૂપિયાની રીતે તો તે મિલકત ઘણી વધારે થાય. આ અબજપતિઓની સંખ્યા ભલે વધીને ત્રણ હજાર થઇ હોય પરંતુ દુનિયાની કુલ આઠ અબજની વસ્તીમાં તો આ સંખ્યા નગણ્ય જ કહેવાય. ઓક્સફામના અહેવાલ અનુસાર, વર્ષ 2025 માં વિશ્વભરમાં અબજોપતિઓની સંખ્યા વિક્રમી સ્તરે પહોંચી ગઇ છે અને તેમની સામૂહિક સંપત્તિ વધીને 18.3 ટ્રિલિયન ડોલર થઈ ગઈ છે. આ ચેરિટી સંસ્થાએ તેના તાજેતરના અહેવાલમાં જણાવ્યું છે કે, જ્યારે અમેરિકન અબજોપતિઓની સંપત્તિમાં સૌથી વધુ તીવ્ર વૃદ્ધિ જોવા મળી છે, ત્યારે બાકીના વિશ્વના અબજોપતિઓની સંપત્તિમાં પણ બે આંકડામાં વધારો થયો છે. અમેરિકામાં અબજોપતિઓની સંપત્તિ ઝડપથી વધવા માટે ટ્રમ્પની ધનવાન તરફી નીતિઓને ઓક્સફામે જવાબદાર ગણાવી હતી. વાત સ્પષ્ટપણે સાચી જણાય છે. હાલના અમેરિકી પ્રમુખ ટ્રમ્પ હાડોહાડ મૂડીવાદી છે અને ધનવાનોને લાભ થાય તેવી નીતિઓ અપનાવી રહ્યા છે. અનેક કલ્યાણ યોજનાઓ તેમણે રદ કરી છે તે નોંધનીય છે.

અબજોપતિઓની સામૂહિક સંપત્તિમાં વૃદ્ધિ પરના એકેડેમિક રિસર્ચ અને વિશ્વની અસામાનતાના ડેટાબેઝથી લઈને ફોર્બ્સની શ્રીમંતોની યાદી સુધીના ડેટા સ્ત્રોતો પર આધારિત ઓક્સફામના અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, 2025 માં વૈશ્વિક અબજોપતિઓની સંપત્તિ 16% વધીને 18.3 ટ્રિલિયન ડોલર થઈ ગઈ છે. અહેવાલમાં જણાવાયું છે કે 2020 થી અત્યાર સુધીમાં આ આંકડો 81% અથવા 8.2 ટ્રિલિયન ડોલર વધ્યો છે. અહેવાલમાં ઉમેર્યું છે કે, વિશ્વના સૌથી ધનિક 12 અબજોપતિઓ પાસે દુનિયાની ગરીબ અડધી વસ્તી એટલે કે ચાર અબજથી વધુ લોકોની કુલ સંપત્તિ કરતા પણ વધુ સંપત્તિ છે! આર્થિક અસમાનતાની ખાઇ કેટલી હદે પહોળી થઇ છે તે આના પરથી સમજાય છે. ટેસ્લા અને સ્પેસએક્સ જેવી કંપનીઓના માલિક ઇલોન મસ્કની આગેવાની હેઠળના આ ૧૨ અબજપતિઓમાં ગૂગલના લેરી પેજ, એમેઝોના જેફ બેઝોસ, ફેસબુકના માર્ક ઝૂકરબર્ગ વગેરેનો સમાવેશ થાય છે. અભ્યાસમાં નોંધવામાં આવ્યું છે કે અબજોપતિઓની સંપત્તિનું સ્તર હવે ઇતિહાસમાં કોઈપણ સમય કરતાં વધુ છે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) કંપનીઓના વધતા જતા વેલ્યુએશનને કારણે રોકાણકારો વધુ શ્રીમંત બન્યા છે. ઓક્સફામે જણાવ્યું હતું કે, નવેમ્બર 2024 થી છેલ્લા એક વર્ષમાં વૃદ્ધિની ગતિ 16.2% હતી, જે 2020 થી અત્યાર સુધીના વૃદ્ધિના સરેરાશ દર કરતા ત્રણ ગણી વધારે છે. ઈલોન મસ્કની સંપત્તિ ઓક્સફામના અહેવાલમાં ઈલોન મસ્કની સંપત્તિમાં થયેલા વધારા પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો હતો. ઓક્ટોબર 2025 માં, ટેસ્લાના CEO ઈલોન મસ્ક $500 અબજ (અડધો ટ્રિલિયન ડોલર)થી વધુ સંપત્તિ ધરાવનારા વિશ્વના પ્રથમ વ્યક્તિ બન્યા હતા. ફોર્બ્સના અહેવાલ મુજબ, ઓક્ટોબરમાં 500 અબજ ડોલરની નેટવર્થ પર પહોંચ્યા પછી, મસ્ક ડિસેમ્બરમાં 600 અબજ ડોલરની સંપત્તિ ધરાવનાર પણ પ્રથમ વ્યક્તિ બન્યા હતા. આ સિદ્ધિ ત્યારે મળી જ્યારે એવા અહેવાલો આવ્યા કે તેમની સ્ટાર્ટઅપ કંપની સ્પેસએક્સ 800 અબજ ડોલરના વેલ્યુએશન પર શેર બહાર પાડે તેવી શક્યતા છે. મસ્ક સ્પેસએક્સમાં આશરે 42% હિસ્સો ધરાવે છે. આવી મહાકાય કંપનીઓના પ્રમોટરો તેમની કંપનીના શેરો ઉછળતા વધુને વધુ ધનવાન થતા જાય છે.

ઓક્સફામે જણાવ્યું હતું કે, આ નાણું વધુને વધુ પ્રમાણમાં રાજકીય સત્તાઓ ખરીદી રહ્યું છે. સંસ્થાએ ખાસ કરીને ઉદ્યોગપતિઓ દ્વારા અખબારો અને અન્ય માધ્યમો ખરીદવા તરફ ઈશારો કર્યો હતો, જેમ કે ઇલોન મસ્ક દ્વારા X (ટ્વિટર) પર કબજો મેળવવો અથવા એમેઝોનના જેફ બેઝોસ દ્વારા ધ વોશિંગ્ટન પોસ્ટની ખરીદીનો સમાવેશ થાય છે. ઓક્સફેમના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર અમિતાભ બેહરે જણાવ્યું હતું કે, ધનવાન લોકો અને બાકીના સામાન્ય લોકો વચ્ચે વધી રહેલી ખાઈ તે જ સમયે એક એવું રાજકીય અંતર ઊભું કરી રહી છે જે અત્યંત જોખમી છે. આ અતિધનિકો પોતાનું ધાર્યું વિશ્વભરમાં કરાવી શકે છે એવો ખયાલ ખાસ કરીને પશ્ચિમી દેશોમાં પ્રવર્તતો થયો છે. આર્થિક અસમાનતાની વધતી ખાઇ દુનિયાભરમાં એક અજંપો જન્માવી રહી છે અને તે ક્યારેક વિસ્ફોટક સ્વરૂપ પણ લઇ શકે છે. સહુના હિત અને કલ્યાણ માટે આર્થિક અસમાનતાની ખાઇ સાંકડી કરવા ગંભીરતાપૂર્વકના પ્રયત્નો સૌ હિતધારકો તરફથી થાય તે હવે આવશ્યક બની ગયું છે.

## ગરીબ બાળકની ખુદ્દારી



ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

એક કેક શોપની બહાર એક ગરીબ છોકરો દૂરથી સુંદર રીતે સજાવેલી રંગબેરંગી કેકને જોઈ રહ્યો હતો. તેને કેક ખાવાનું બહુ મન હતું. તેના મોઢામાં પાણી આવી રહ્યું હતું પણ કેક લેવાના પૈસા ક્યાંથી લાવે? તે દૂર ઊભો ઊભો કેકને જોતો હતો. તેને દુકાનદાર પાસે કેક માંગી પણ ન હતી. છતાં દુકાનદારે આવનારા ઘરાકોને નહીં ગમે તેમ વિચારીને ગરીબ છોકરાને આંખો કાઢીને દૂર હડસેલ્યો.

ગરીબ છોકરો ડરીને થોડે દૂર જતો રહ્યો પણ થોડી વારમાં પાછો આવી અને દુકાન પાસે ઊભો રહી ગયો. એક ગાડી આવીને દુકાનની બહાર ઊભી રહી. અનેક અમીર સજ્જન તે ગાડીમાંથી ઊતર્યા. તેમની નજર પેલા છોકરા ઉપર પડી અને પછી તેઓ દુકાનમાં પ્રવેશ્યા. દુકાનદાર ફરી તે છોકરાને હડસેલવા અને ગુસ્સે કરીને દૂર મોકલવા જતો હતો ત્યાં જ અમીર સજ્જને તે ગરીબ છોકરાને ઈશારાથી બોલાવ્યો. તે છોકરો ડરતાં ડરતાં તેમની પાસે આવ્યો, અમીર સજ્જને કહ્યું, ''દીકરા તને જે કેક ગમે તે પસંદ કરીને લઈ લે.'' છોકરો રાજી રાજી થઈ ગયો. તેની આંખો ચમકી ઊઠી અને મોઢા પર એક મોટી મુસ્કાન આવી ગઈ. તેણે ગુલાબી રંગની સ્ટ્રોબેરી કેક પસંદ કરી, કેક નાનકડી હતી પણ છોકરાની ખુશી મસમોટી હતી.

અમીર સજ્જને પોતે જ લેવું હતું તે લીધું અને બાળકની કેક પણ બંધાવી.

દુકાનદારને પૈસા આપ્યા અને તેઓ બહાર નીકળ્યા અને પછી છોકરાના હાથમાં સ્ટ્રોબેરી કેકનું બોક્સ આપતાં કહ્યું, ''લે બેટા, પ્રેમથી ખાજે.'' છોકરો ખુશ થઈ ગયો અને કેક લેવા પહેલાં પોતાના ખિસ્સામાં કંઈક ખંખોળવા લાગ્યો અને ખિસ્સામાંથી તેણે ઘસાયેલો એક રૂપિયો કાઢ્યો.

તે રૂપિયો તેણે અમીર સજ્જનને આપતાં કહ્યું, ''અંકલ, મારી પાસે જે છે એ ખાલી આ એક રૂપિયો જ છે. તમે આને સ્વીકારી લો તો જ હું કેકનું બોક્સ લઈશ, નહિતર હું નહીં લઉં.''

અમીર સજ્જન નાનકડા બાળકની ખુદ્દારી ઉપર ઓવારી ગયા. તેમણે પ્રેમથી એક રૂપિયો લઇ લીધો અને છોકરાને કેકનું બોક્સ આપ્યું અને પોતાની ગાડીમાં બેસીને આગળ વધી ગયા. રસ્તામાં વિચારતા રહ્યા કે એક નાનકડા બાળકમાં કેવી ખુદ્દારી કે તેની પાસે સૌથી અણમોલ જે કંઈ હતું તે તેણે મને આપી દીધું. વિના મૂલ્યે કેક સ્વીકારી તો નહીં જ.

# કરિયાણાની દુકાનથી ક્વિક કોમર્સ તરફ બદલાતું બજારનું દૃશ્ય

ડિજીટલ ટેકનોલોજીના ઝડપી વિકાસને લગભગ દરેક વ્યક્તિના હાથમાં આવી ગયેલા મોબાઈલ ફોનને કારણે 'પ્લેટફોર્મ અર્થતંત્ર'નો પણ ઝડપથી વિકાસ થયો. શહેરી વિસ્તારમાં ઘણી મોટી વસ્તી હવે ફોનની એપ દ્વારા ઘરે બેઠા ખરીદી કરે છે. ઘરમાં બેઠાં બેઠાં ખરીદવાની સગવડ લોકોને પસંદ પડી રહી છે એટલે એની માંગમાં જબરદસ્ત વધારો થયો છે. બ્લીન્કીટ, ઝેપ્ટો, બીગબાસ્કેટ, મિલ્ક બાસ્કેટ, એમેઝોન ફ્રેશ જેવા પ્લેટફોર્મનો ઉપયોગ લગભગ દરેક ઘરમાં થાય છે જે કરિયાણા અને અન્ય જીવન જરૂરિયાતની વસ્તુઓ દસ-પંદર મીનીટમાં ઘરે પહોંચાડવા માટે એકબીજા સાથે કટ્ટર સ્પર્ધામાં છે. એક અંદાજ પ્રમાણે ૨૦૨૩-૨૪માં ક્વિક કોમર્સ (ગ્રાહક સુધી ઝડપથી વસ્તુ પહોંચાડવી) તરીકે ઓળખાતા આ વ્યવસાયની વૃદ્ધિનો દર સિત્તેર ટકાથી પણ વધુ નોંધાયો હતો! રિલાયન્સના ત્રીજા ક્વાર્ટરના રીપોર્ટ પ્રમાણે ગયા જીયોમાર્ટના દૈનિક ઓર્ડરમાં પાછલા કવાર્ટરમાં ૫૩ ટકાની વૃદ્ધિ અને પાછલા વર્ષમાં ૩૬૦ ટકાની વૃદ્ધિ થઈ છે! જીયોમાર્ટને ૧.૬ મિલિયન ઓર્ડર સાથે બીજા ક્રમ પર છે જ્યારે બ્લીન્કઈટ ૨.૪ મિલિયન ઓર્ડર સાથે પહેલા ક્રમ પર છે.

ભારતમાં કરિયાણાનો ધંધો સામાન્ય રીતે નાના દુકાનદારોના હાથમાં હતો, જે સ્પર્ધાત્મક હતો. સુપર માર્કેટના આવ્યા પછી એમની સામે સ્પર્ધા ઊભી થઈ હતી પણ મોટો ખતરો ઊભો નહોતો થયો. પણ, હવે ટેકનોલોજીના ઉપયોગથી ઊભા થયેલ ક્વિક કોમર્સ પ્લેટફોર્મની વધતી લોકપ્રિયતાએ બજારનો પ્રકાર બદલી નાખ્યો છે. સ્થાનિક કરિયાણાની દુકાનોનો બજારનો હિસ્સો ૨૦૧૮થી ૨૦૨૩ ના માત્ર પાંચ વર્ષના ગાળામાં ૯૫ ટકાથી ઘટીને ૯૨ ટકા થયો છે, જે ૨૦૨૮ સુધી ઘટીને ૮૯ ટકા સુધી પહોંચવાનો અંદાજ છે. ૨૦૨૩-૨૮ વચ્ચે ક્વિક કોમર્સનો વૃદ્ધિ દર ૪૮ ટકા જેટલો રહેવાનો અંદાજ છે. આ જોતાં તો ગલીના નાકે આવેલા કરિયાણાની દુકાનોને બંધ થવાની નોબત દૂર નથી. ક્વિક કોમર્સ પ્લેટફોર્મ જે ભારે ડિસ્કાઉન્ટ આપે છે, બ્રાન્ડનું વૈવિધ્ય આપે છે અને ડાર્કસ્ટોરમાં મોટું રોકાણ કરીને દસ મીનીટમાં ઘરે પહોંચાડવાની સુવિધા આપે છે એની સામે સ્પર્ધામાં ટકી રહેવું નાના દુકાનદારો માટે શક્ય નથી. ખૂબ ઝડપથી આ વ્યવસાય નાના સ્થાનિક ઉદ્યોગ સાહસિકોના હાથમાંથી સરકીને મુઠ્ઠીભર મોટી ઓલોગોપોલી કંપનીઓના હાથમાં જઈ રહ્યો છે જેઓ વેન્ચર કેપિટાલિસ્ટના રોકાણના જોર પર ગ્રાહકને ડિસ્કાઉન્ટ આપી માર્કેટ તોડી રહ્યા છે. છૂટક દુકાનોના એસોસીએશનના કહેવા પ્રમાણે નાની કિરાણાની દુકાનોને આ મોટી ક્વિક કોમર્સ કંપની હવે ગીગ તરીકે જોડી રહી છે - એટલે કે એમની નજીકના વિસ્તારના ઓર્ડર એમણે ગ્રાહક સુધી પહોંચાડવાનો! એટલે નાનો ઉદ્યોગ સાહસિક હવે ગીગમાં બદલાઈ શકે છે!

## કહેવાની વાત

**નેહા શાહ**

> **છૂટક દુકાનોના એસોસીએશનના કહેવા પ્રમાણે નાની કિરાણાની દુકાનોને આ મોટી ક્વિક કોમર્સ કંપની હવે ગીગ તરીકે જોડી રહી છે – એટલે કે એમની નજીકના વિસ્તારના ઓર્ડર એમણે ગ્રાહક સુધી પહોંચાડવાનો! એટલે નાનો ઉદ્યોગ સાહસિક હવે ગીગમાં બદલાઈ શકે છે!**

કોઈ પૂછી શકે કે એમાં વાંધો શું કામ હોવો જોઈએ? દુકાન બંધ થાય એના બદલામાં ગીગ કામદાર તરીકેનો રોજગાર તો ઊભો થાય જ છે. સાચી વાત. આમેય પાછલા દાયકા પર નજર કરીએ તો સૌથી વધુ રોજગાર પણ ગીગ કામદાર તરીકે જ ઊભો થયો છે. પણ, રોજગારની ગુણવત્તા પણ ચકાસવી પડે. ગીગ કામદારને કોઈ કાયમી રોજગાર નથી મળતો. એ તો ટૂંકા ગાળા માટે ભાડે રાખેલા સ્વતંત્ર કાર્યકર છે. એમને નથી કોઈ રજા મળતી કે નથી મળતો આરામ કે નથી મળતું કોઈ સામાજિક સુરક્ષાનું કવચ. જેટલા આંટાફેરા વધારે એટલી આવક વધારે. એક અઠવાડિયામાં આશરે ૫૧ થી ૯૫ કલાક કામ કરે છે! કલાકના સરેરાશ ૧૭૦ રૂપિયાની કમાણી થાય, એમાંથી પેટ્રોલનો ખર્ચ બાદ કરો તો લગભગ ૧૧૫ રૂપિયા હાથમાં બચે. કામના કલાકની ગણતરી કેવી રીતે થાય એ પણ સમજવા જેવું છે. પ્લેટફોર્મનો માલિક કામના કલાકનો હિસાબ માંડશે જ્યારે કોઈ ગ્રાહક એની સિસ્ટમમાં કોઈ લોગ-ઈન કરીને ઓર્ડર મૂકે ત્યારથી લઈને ગીગ ઓર્ડરને ગ્રાહકના દરવાજા સુધી પહોંચાડે ત્યાં સુધી. પણ, કોઈ ગીગને પૂછો તો એમના હિસાબે કામના કલાક બહુ લાંબા છે. કારણકે, ઓર્ડર મળવા પહેલાં પણ ડાર્ક સ્ટોર બહાર રાહ જોવી પડતી હોય છે. અજાણ્યા વિસ્તારમાં ઘર કે પાર્કિંગ શોધવામાં સમય જતો હોય છે. આ સમય પ્લેટફોર્મના કામનો અગત્યનો ભાગ છે. છતાં એ કામના કલાકની ગણતરીમાંથી અદૃશ્ય રહે છે. ઓર્ડર આવે ત્યારે કોઈ ડીલીવરી બોય હાજર નહિ હોય તો દસ મીનીટમાં ગ્રાહક સુધી કેવી રીતે પહોંચી શકાય? સાંકડી ગલીઓમાં ખીચોખીચ ઊભા થઈ ગયેલાં મકાનો સુધી પહોંચવામાં જે પાર્કિંગ સમસ્યા નડે છે એનો બોજો પણ ગીગ પર જ છે. વળી, ઝડપથી ગ્રાહક સુધી પહોંચવાની હોડમાં આપણાં શહેરોના જોખમી રસ્તાઓ પર ઝડપથી વાહન ચાલવવાનું જોખમ પણ એમના જ માથે હોય છે. સસ્તામાં દોડાદોડી કરવા મળી રહેતા ગીગ કામદારોના આધારે આ ક્વિક કોમર્સનો ધંધો વિકસી રહ્યો છે. એટલે જ તો ડિસેમ્બર મહિનામાં આખા દેશના ગીગ કામદારોએ હડતાળ પાડી હતી, જેમાં શ્રમ મંત્રીના હસ્તક્ષેપથી બ્લીન્કીટ જેવી કંપની હવે દસ મીનીટમાં સામાન પહોંચાડવાની બાંહેધરી નથી આપતી. ગ્રાહકને ખુશ રાખવાની સ્પર્ધામાં ભારતીય અર્થતંત્રના એક સ્પર્ધાત્મક બજારમાં ઝડપથી કેન્દ્રીકરણ થઈ રહ્યું છે, જેનો ભાર ગીગ કામદારોના ખભે વધી રહ્યો છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે

# ગુજરાતમાં ભ્રષ્ટાચાર પોતે જ કહે છે કે, સાહેબ હું થયો છું

પાણીની ટાંકી બાંધવામાં આવી, પાણી ભરવામાં આવ્યું અને ધડામ... એક ઓવરબ્રીજ બાંધવામાં આવ્યો, ઉદ્ઘાટન ખુદ વડાપ્રધાનશ્રીના હસ્તે થયું અને પછી તરત ખબર પડી કે તે સાવ નબળો છે, તોડી પાડવો પડશે. નદી પર ઝૂલતો પુલ રીપેર થયો. ખુલ્લો મુકાયો અને લોકોની ભીડમાં નબળી ગુણવત્તાવાળો બ્રીજ તૂટી પડ્યો.

જૂના બ્રીજ તૂટી પડે. શાળાઓમાં પોપડા પડે, ગટર ઉભરાય તે બધું તો નિરંતર બનતું જ હોય છે પણ હવે તો નવાં બાંધકામો પણ તૂટી પડે છે અને સત્તાવાળાઓના પેટનું પાણી ના હલે, છાપા ચેનલો નિરર્થક બાબતોની ચર્ચાઓમાં કલાકો બગાડે અને આ રોજિંદી નાગરિક જીવની દુર્ઘટના માટે સાવ જ મૌન જ સેવે તે આઘાતજનક છે. બાકી સાવ આવું તો ના હોય! સતત કોંગ્રેસ સાથે તુલના કરતાં લોકોએ વિચારવું જોઈએ કે આવું કોંગ્રેસના શાસનમાં ક્યારે બન્યું કે વડા પ્રધાને ઉદ્ઘાટન કરેલો બ્રીજ વાપર્યા વગર જ તોડી પાડવો પડ્યો હોય! જે બ્રિજનું નિર્માણ થતું હોય તે બન્યા પહેલાં જ તૂટી પડતા હોય. પાણીની ટાંકીઓ આટલી નબળી અગાઉ ક્યારે બની? આમાં શાસન ક્યાં છે? મોરબીનો બ્રીજ હોય કે અમદાવાદની ટાંકી. બાંધકામ થતું હોય ત્યારે ગુણવત્તા ચકાસણીની કોઈ વિધિ જ નહીં થતી હોય?

અગાઉના સમયમાં સરકારી બાંધકામો થાય, જાહેર કાર્યક્રમો થાય ત્યારે નિષ્ઠાવાન પત્રકારો ઈન્વેસ્ટિગેટીવ જર્નાલીઝમ દ્વારા શોધી લાવતા કે ક્યાં કેટલો ભ્રષ્ટાચાર થયો છે, બાંધકામ કેટલું તકલાદી છે અને કેટલું નબળું છે. કોંગેસનાં શાસનમાં પત્રકારો એ શોધવું પડતું હતું. ખાનગીકરણના યુગમાં ચેનલો માત્ર મનોરંજન અને સરકારી જાહેરાતોની કમાણીમાં પડી છે એટલે શોધતી નથી, પત્રકારોને શોધવા મોકલતી નથી ત્યારે હવે વ્યાપક બનેલો ભ્રષ્ટાચાર પોતે જ સામે આવે છે અને ટાંકી તૂટી પડે છે, પુલ તૂટી પડે છે રોડ બન્યાનાં મહિનામાં જ રફેદફે થઈ જાય છે. ભ્રષ્ટાચાર કહે છે મને શોધશો નહીં હું આ રહ્યો. તમે વોટ ભ્રષ્ટાચાર દૂર કરવા આપ્યો હતો પણ હું તો આ રહ્યો અને સતત થવાનો જ છું કારણ કે તમને કોઈ ફેર પડતો નથી. ચુંટણી આવે ત્યારે તમે સારા રસ્તા માટે, સારા શિક્ષણ માટે, ન્યાયિક વ્યવસ્થા માટે વાજબી આરોગ્ય સુવિધા માટે વોટીંગ કરતા નથી. ચુંટણી પછી પણ તમારા પ્રતિનિધિ પાસે માંગણી કરતા નથી. આ નબળા બાંધકામો માટે રજૂઆતો કરતા નથી. તો આ ભ્રષ્ટાચાર કેવી રીતે દૂર થાય?

ગુજરાતમાં માત્ર પુલ નથી તૂટતા, શિક્ષણ આરોગ્ય અને ન્યાય જેવી વ્યવસ્થાઓ પણ હવે તૂટતી જાય છે. યુનીવર્સીટીઓમાં કોઈ કહેનાર નથી. નવી શિક્ષણનીતિનો ઘડો લાડવો થઈ ગયો છે અને ચારેકોર નકલી અધિકારીઓની બોલબાલા છે. સત્તાવાળા દિવસે ને દિવસે વિકાસની પાયાની જરુરિઆતો કે સેવાઓને બદલે બાગ બગીચા, રમતગમતના સાધનો, એમ્યુઝમેન્ટ પાછળ ખર્ચની જાહેરાતો કરે છે. શિક્ષકો અને વહીવટીય કર્મચારીઓની જગ્યાઓ ભરવાને બદલે કોન્ટ્રાક્ટ સિસ્ટમ આગળ વધતી જાય છે પણ પ્રજાના આગેવાન વર્ગમાંથી કોઈ હરફ ઉચ્ચારતું નથી.

## રાજ કાજ ગુજરાત

**કાર્તિકેય ભટ્ટ**

> **ચુંટણી આવે ત્યારે તમે સારા રસ્તા માટે, સારા શિક્ષણ માટે, ન્યાયિક વ્યવસ્થા માટે વાજબી આરોગ્ય સુવિધા માટે વોટીંગ કરતા નથી. ચુંટણી પછી પણ તમારા પ્રતિનિધિ પાસે માંગણી કરતા નથી. આ નબળા બાંધકામો માટે રજૂઆતો કરતા નથી. તો આ ભ્રષ્ટાચાર કેવી રીતે દૂર થાય?**

દેશમાં કોઈ પણ દુર્ઘટના થાય એટલે તરત સત્તા પરિવર્તનનો હોબાળો ના કરાય એ બરાબર વાત છે પણ સત્તાવાળા પાસે જવાબ તો માંગવાનો જ હોય ને? આપણે તો પૂછવાનું જ છોડી દીધું છે, એટલું જ નહીં તેની સામાન્ય ચર્ચા પણ નથી કરતા. પહેલા તો બિહારમાં દુર્ઘટના થતી અને અમદાવાદનાં પાનનાં ગલ્લે તેની ચર્ચાઓ થતી. આજે અમદાવાના અકસ્માતો, ખુલ્લી ગટરમાં પડીને મારતા લોકોની પણ ઉચ્ચ મધ્યમ વર્ગમાં ચર્ચા નથી થતી. એવું નથી કે વર્તમાન અરાજકતાનો ભોગ માત્ર ગરીબ અને ગામડાના લોકો જ બને છે. ઉચ્ચ મધ્યમવર્ગનાં પગમાં પણ વારંવાર રેલો આવે છે અને છતાં આ વર્ગ જ્યારે ભેગો થાય છે ત્યારે સુશાસનની ચર્ચા કરવાના બદલે લગ્નના રજીસ્ટ્રેશનમાં માબાપની સહી ફરજીયાત કરવાની ગેરબંધારણીય ચર્ચાઓ કરે છે. લાગે છે આપણે સૌ આ વ્યવસ્થાથી જ ખુશ છીએ કાંતો એક સુશાસન વાળી સમાજ વ્યવસ્થા કોને કહેવાય તેની આપણને સમજ નથી. લોકશાહી પ્રજાતંત્રનું ઘડતર જ નથી થતું.

અંતે ગ્રીસમાં લોકશાહીની શરૂઆતમાં પ્રજાને જાગૃત કરતા તત્ત્વચિંતકોએ કહેલી વાત યાદ આવે છે કે, લોકશાહીનો આધાર પ્રજાની સમજણ પર છે અને સમજણનું ઘડતર મૂળભૂત શિક્ષણ દ્વારા થાય છે. લોકશાહીમાં લોકોને એટલું શિક્ષણ તો મળવું જ જોઈએ કે તે પોતાની જરૂરિયાતોને સમજી શકે અને સત્તાવાળાઓને સમજાવી શકે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### ત્રીજા વિશ્વના દેશોએ સંશોધન પર ભાર મૂકવો જોઈએ

દેશમાં પોતાના નવપ્રયોગ સંશોધન આધારિત ઉત્પાદનના અભાવે કાયમી અને સલામત આવકનો સ્રોત વિદેશી લાયસન્સ, ફ્રેન્ચાઈઝી કે મશીનો ઉપર રાખવો પડતો હોય અને ઉદ્યોગપતિઓને સંશોધનમાં રસ ન હોય ત્યારે નાગરિકો માટે નહી પરંતુ રાજકારણીઓ માટે પણ સંગ્રહખોરી આધારિત ભાવ વધારાથી નફો રળવાની વૃત્તિ ઘર કરી ગઈ છે. ભ્રષ્ટાચારથી આવેલા નાણાંને કોઈ સંશોધનમાં રોકતું નથી. ભ્રષ્ટાચારીને પણ તાત્કાલિક વળતર જોઈએ છે એટલે નાણાં કોઈ વ્યાજખોરને આપશે કે આંકડાની માયાજાળ રચતા વેપારીને આપશે. સંશોધન આધારીત સંપત્તિના સર્જનનો અભાવ બીજા અને ત્રીજા વિશ્વના દેશોને પાછળ અને વધુ પાછળ ધકેલતો જાય છે. નવા વિચારો અને પ્રયોગો માટે દેશમાં કલ્પના, કામના અને ભાવનાના મિશ્રણ આધારીત મૌલિક કૃતિઓ રચનાર કવિઓ અને સાહિત્યકારો તથા હોનહાર વિદ્યાર્થીઓ અને વૈજ્ઞાનિકોને સરકારે પ્રોત્સાહન આપવા જોઈએ. ફ્રેન્ચ લેખક જૂલે વર્ને ૧૮૭૦માં લખેલ નવલકથા Twenty Thousand Leagues Under the Sea માં નવીનતમ ઈલેક્ટ્રિક સબમરીનની કલ્પના કરેલ. તેમાંથી વિચાર લઈ ૧૮૯૦માં જ્હોન ફિલિપે નવીન સબમરીનની ડિઝાઈન કરેલી જે અમેરિકન નેવીએ મંજૂર કરેલ. હજીયે મોડુ નથી થયું. પ્રથમ વિશ્વના દેશોના વિજ્ઞાન અને ટેકનોલોજી આધારીત સામાન અને સેવાઓ સ્વદેશી નાગરિકોને આર્થિક ગુલામ બનાવી દે તે પહેલાં બીજા અને ત્રીજા વિશ્વના દેશોએ સંશોધન પર ભાર મૂકી બૌધિક સંપદા એકત્ર કરવી જોઈએ.

**અમદાવાદ - કુમારેશ ત્રિવેદી**

### ભાજપે પશ્ચિમ બંગાળની ચૂંટણી જીતવાનો તખ્તો ગોઠવી દીધો

પશ્ચિમ બંગાળમાં હુમાયુન કબીરે નવો પક્ષ સ્થાપવાની ઘોષણા કરી અને ઓવૈસીએ એમને ટેકો જાહેર કર્યો. તૃલમૂલ કોંગ્રેસની ઓફિસે EDએ દરોડા પાડ્યા. હવે તૃલમૂલ કોંગ્રેસ અને મમતા બેનરજીને ભાજપ ભ્રષ્ટાચારીનું લેબલ લગાવી દેશે. એટલે વિધાનસભાની ચૂંટણીમાં મુસ્લિમ મતો હુમાયુન કબીરને મળશે. હિન્દુઓના મતો વહેંચાઈ જશે. બહુમતી હિન્દુઓના મત ભાજપને મળશે. બાકીના મતો તૃલમૂલ કોંગ્રેસને મળશે. એટલે ભાજપ ખૂબ આસાનીથી વિધાનસભાની ચૂંટણી જીતી જશે. એક વાર ભાજપની સરકાર પશ્ચિમ બંગાળમાં સ્થપાશે, પછી મમતા બેનરજી અને હુમાયુન કબીરની શું સ્થિતિ થશે, એ તો સમય જ કહેશે.

**નવસારી- દોલતરાય એમ. ટેલર**

### વલસાડ જિલ્લામાં સગીરોની ગર્ભાવસ્થા અને મોત સમાજ માટે ગંભીર ચેતવણી

વલસાડ જિલ્લાના આરોગ્ય વિભાગના આંકડાઓ સમાજને ચોંકાવી દે એવા છે. છેલ્લાં બે વર્ષમાં જિલ્લામાં 12 થી 17 વર્ષની વયનાં કુલ 2,027 સગીરોનાં મોત નોંધાયાં. આ આંકડાઓ માત્ર આરોગ્ય વિભાગની ચિંતા નથી, પરંતુ સમગ્ર સમાજ માટે ગંભીર ચેતવણી છે. આ જ સમયગાળામાં વલસાડ જિલ્લામાં કુલ 58,957 ગર્ભાવસ્થા નોંધાઈ હતી, જેમાંથી 919 સગીર ગર્ભાવસ્થા હતી. જે વયે છોકરીઓના હાથમાં પુસ્તકો, પેન અને રમકડાં હોવાં જોઈએ, તે વયે તેઓ માતૃત્વની જવાબદારી વહન કરી રહી છે.–આ હકીકત સમાજની નિષ્ફળતા અને જાગૃતિના અભાવને ઉજાગર કરે છે. કપરાડા તાલુકામાં છેલ્લાં બે વર્ષમાં કુલ 12,908 સગર્ભા સ્ત્રીઓ નોંધાઈ હતી, જેમાંથી 1,049 સગીર ગર્ભાવસ્થા હતી અને 1 સગીરનું મૃત્યુ નોંધાયું હતું. ધરમપુર તાલુકામાં કુલ 7,633 સગર્ભા સ્ત્રીઓ નોંધાઈ હતી, જેમાંથી 534 સગીર ગર્ભાવસ્થા હતી અને ત્યાં પણ 1 સગીરનું મૃત્યુ નોંધાયું છે. આ આંકડાઓ દર્શાવે છે કે કિશોરાવસ્થાની ગર્ભાવસ્થા માત્ર આરોગ્ય સમસ્યા નહીં, પરંતુ સામાજિક સંકટ બની રહી છે, માત્ર સરકારી પ્રયાસો પૂરતા નથી. આ સમસ્યાનો મૂળ ઉકેલ સમાજની જાગૃતિમાં છે. માતા-પિતા, શિક્ષકો, સમાજનાં આગેવાનો અને સ્થાનિક સંસ્થાઓએ સાથે મળીને પગલાં લેવાં પડશે. કિશોરો-કિશોરીઓમાં આરોગ્ય અને શિક્ષણ અંગે જાગૃતિ ફેલાવવી, તેમજ સુરક્ષિત અને સ્વસ્થ બાળપણ સુનિશ્ચિત કરવું આપણી સામુહિક જવાબદારી છે. જો આજે આપણે નિષ્ક્રિય રહીશું, તો આવતી કાલે તેની કિંમત આપણાં બાળકો ચૂકવશે.

**પરવત ગામ, સુરત- આશિષ ટેલર**

### ટ્રમ્પ વર્સિસ ટેરિફ

ટ્રમ્પ અને ટેરિફ એક જ રાશિનાં બંને મૂળિયાં છે. ટ્રમ્પના ચહેરામાં મને આખલાનું પ્રતિબિંબ દેખાય છે. કોઈ ને કોઈ મુદ્દે દુનિયાના દેશો ઉપર ટેરિફ લાદીને શું સિદ્ધ કરવા માંગે છે. વહેલી તકે એને ઉપરની ટિકિટ કોઈ પકડાવી દે તો સારું. આપણા પીએમ અને ટ્રમ્પ ખૂબ જ સારા મિત્રો હોવાનું બંને પક્ષે ડિંડવાણું ચાલતું રહ્યું છે અને ટેરિફ વધતો રહ્યો છે. કારણકે લૂંટારા થયેલા આખલાને નાથી શકાતો નથી. પરંતુ આપણા ગાંધીના ગુજરાતમાં દારૂની છૂટ વર્ષોથી નથી પરંતુ આજે પણ ગુજરાતના દરેક ખૂણે ખૂણે (પોરબંદરમાં) વિદેશી દારૂ મળી રહે છે. હવે લોકો આ દારૂ ઉપર ટ્રમ્પના ટેરિફ કરતાં પણ 300થી 500 ગણો ટેરીફ ચૂકવીને પણ પોતાની ક્ષુધા તૃપ્ત કરે છે. આવી ચર્ચા કદાચ ઉપરોક્ત બે મિત્રો વચ્ચે ચર્ચાઈ હોય અને ટ્રમ્પને મગજમાં બેસી ગયું કે આ વિચારવાયોગ્ય છે. એટલે ચીજ-વસ્તુઓ ઉપર કેટલો નફો કમાઈ શકાય એનું જ્ઞાન લાધી ગયું અને અમલમાં મૂક્યું. દારૂ આપણા દેશનો મેઈડ ઈન 'ઈન્ડિયા અને કહેવાય તેમજ લખાય 'વિદેશી દારૂ' મગજમાં ઊતરતું નથી. આટલો ટેરીફ ચૂકવીને પણ પીવાવાળા તો પીએ જ છે. એ લોકો હોબાળો મચાવતા નથી કે વિદેશી દારૂ મને આ ભાવે પીવા મળે છે કે એના માટે હડતાળ સરઘસ કાઢતા નથી. બાપ બની પીતા રહે છે અને જે તે સત્તાવાળાઓના પેટ ભરતા રહે છે. આને કહેવાય 'વિકાસ' અને 'રામરાજ્ય'

**નવસારી - કિરીટ સોલંકી**

### પ્રભાતફેરી

પ્રભાતફેરી એક એવો શબ્દ જે બાળપણના દિવસો યાદ કરાવી દે છે. અમે જ્યારે પ્રાથમિક શાળામાં ભણતાં ત્યારે 26 જાન્યુઆરી અને 15મી ઓગસ્ટે પ્રભાતફેરીમાં જતાં. આ બંને સ્વાતંત્ર્ય દિને સ્કૂલ પાસેથી સરઘસાકારે બે બેની લાઈનમાં, આગળ સ્કૂલનું બેનર અને આપણો રાષ્ટ્રધ્વજ લઈને ચાલતાં ચાલતાં શિસ્તબધ્ધ રીતે દેશપ્રેમનાં ગીતો ગાતાં અને ગવડાવતાં. ધ્વજારોહણનું સ્થળ જ્યાં નક્કી કર્યું હોય ત્યાં પહોંચતાં અને કાર્યક્રમ પૂરો થતાં ફરી પાછા સ્કૂલમાં આવતાં ત્યાં નાનખટાઈ દરેક વિદ્યાર્થીને મળતી તેનો આનંદ કાંઈક અલૌકિક જ હતો. ગામની શેરીઓમાં દેશભક્તિનાં ગીતોનો ગુંજારવ ગામમાં સર્વત્ર ચેતના જગાડતો. આ શિરસ્તો જ્યાં સુધી નિશાળમાં ભણતાં ત્યાં સુધી સુપેરે નિભાવ્યો. આ સંસ્મરણ આજે પણ માનસપટ પર અંકિત છે. પરંતુ દુઃખ એ વાતનું થાય છે વરસમાં આવતા આ બે તહેવારોમાં આજના વિદ્યાર્થીની પાંખી હાજરી જોવા મળે છે. વિદ્યાર્થીના મા-બાપને હું એક જ વિનંતી કરીશ કે બાળકને આ માટે રોકો નહીં. દરેક વિદ્યાર્થી આમાં ભાગ લેશે તો દેશ પ્રત્યે ભાવના વિકાસ પામશે અને પ્રત્યેક બાળક પોતાના દેશ માટે ગર્વ અનુભવશે.

**અડાજણ, સુરત - શીલા સુભાષ ભટ્ટ**